# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


SGCCI

Ref no. PN 2026-27/71 Dt. 20/08/2026

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

નીચે મુજબની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ક્રૂડ ઓઇલ 95 ડોલરે પહોંચતા પોલિએસ્ટર યાર્નના ભાવ ભડકે બળ્યા

# ચેમ્બરે કેન્દ્રીય ટેક્સટાઇલ મંત્રી ગિરિરાજ સિંહને કરી રજૂઆત

## ટેક્સટાઇલ ઉદ્યોગને બચાવવા PTA અને MEG પરની કસ્ટમ્સ ડ્યુટી (BCD) દૂર કરવા SGCCIની માગણી

## પશ્ચિમ એશિયાની કટોકટી વચ્ચે ક્રૂડના ભાવમાં 15 ફેબ્રુઆરીના 61 ડોલરથી સીધો 95 ડોલર પ્રતિ બેરલનો તોતિંગ ઉછાળો

## કાચા માલની અછત અને મોંઘવારીથી સુરતનો એમએમએફ ટેક્સટાઇલ ઉદ્યોગ મુશ્કેલીમાં: ચેમ્બર પ્રમુખ અશોક જીરાવાલા

## PTA-MEG ઉપરાંત DTY, POY અને FDY પોલિએસ્ટર યાર્ન પર પણ કસ્ટમ્સ ડ્યુટી મુક્તિ લંબાવવા રજૂઆત

## ઓછામાં ઓછા 3 મહિના અથવા ક્રૂડના ભાવ ઘટીને 65 ડોલર પ્રતિ બેરલથી નીચે સ્થિર ન થાય ત્યાં સુધી ડ્યુટી મુક્તિ ચાલુ રાખવા માગ

સુરત, 20 ઓગસ્ટ 2026: આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઇલના ભાવોમાં થયેલા અસામાન્ય વધારા અને તેના કારણે પોલિએસ્ટર યાર્નના સતત વધી રહેલા ભાવોથી સુરત સહિત દેશભરના ટેક્સટાઇલ ઉદ્યોગને રક્ષણ આપવા ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (SGCCI) દ્વારા ગુરુવાર, તા. 20 ઓગસ્ટ 2026 ના રોજ કેન્દ્રીય ટેક્સટાઇલ મંત્રી શ્રી ગિરિરાજ સિંહ સમક્ષ રજૂઆત કરવામાં આવી છે.

ચેમ્બરના પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ કેન્દ્રીય મંત્રીને પત્ર પાઠવી ટેક્સટાઇલ ઉદ્યોગના મુખ્ય કાચા માલ એવા PTA (પ્યુરિફાઇડ ટેરેફ્થેલિક એસિડ) અને MEG (મોનો ઇથિલિન ગ્લાયકોલ) પરની બેઝિક કસ્ટમ્સ ડ્યુટી (BCD)માંથી તાત્કાલિક મુક્તિ આપવા ભારપૂર્વક અનુરોધ કર્યો છે.

ચેમ્બર પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ પત્રમાં વિગતો આપતાં જણાવ્યું હતું કે, પશ્ચિમ એશિયા (West Asia)ની કટોકટીને પગલે કેન્દ્ર સરકારે 2 એપ્રિલ 2026થી 30 જૂન 2026 સુધી અને ત્યારબાદ 15 જુલાઈ 2026 સુધી MEG અને PTA પર કસ્ટમ્સ ડ્યુટી મુક્તિ આપી હતી. જુલાઈ બાદ શાંતિ સ્થપાશે અને ક્રૂડના ભાવ ઘટશે તેવી ધારણાથી આ મુક્તિ લંબાવાઈ નહોતી. પરંતુ, પશ્ચિમ એશિયામાં સ્થિતિ થાળે ન પડતાં ક્રૂડના ભાવમાં ફરી મોટો ઉછાળો આવ્યો છે.

**ક્રૂડ ઓઇલના ભાવોની સરખામણી:**

- 15 ફેબ્રુઆરી 2026: 61 યુએસ ડોલર પ્રતિ બેરલ
- 30 જૂન 2026: 70.56 યુએસ ડોલર પ્રતિ બેરલ
- 15 જુલાઈ 2026: 80 યુએસ ડોલર પ્રતિ બેરલ
- હાલની સ્થિતિ (ઓગસ્ટ 2026): 95 યુએસ ડોલર પ્રતિ બેરલ

જ્યારે સરકારે અગાઉ ડ્યુટી મુક્તિ આપી હતી તેના કરતાં પણ હાલ ક્રૂડના ભાવ બેરલ દીઠ અંદાજે 25 ડોલર વધી ચૂક્યા છે.

ઊંચા ક્રૂડ ઓઇલના ભાવ અને ભારતમાં PTA તથા MEGની અછતને કારણે સ્થાનિક બજારમાં મેન-મેડ ફાઇબર (MMF) યાર્નના ભાવો બેફામ વધી રહ્યા છે. પોલિએસ્ટર યાર્નના ભાવો સતત વધવાથી સુરતના વણાટકારો (વિવર્સ) અને સમગ્ર ડાઉનસ્ટ્રીમ ટેક્સટાઇલ સેક્ટર માટે ઉત્પાદન ખર્ચ વધી જતાં વેપાર ચલાવવો આર્થિક રીતે અસક્ષમ બની ગયો છે.

**3 મહિના માટે કસ્ટમ્સ ડ્યુટી મુક્તિની માગણી:** ચેમ્બર દ્વારા કેન્દ્ર સરકાર સમક્ષ માંગણી કરવામાં આવી છે કે માત્ર PTA અને MEG જ નહીં, પરંતુ DTY, POY અને FDY પોલિએસ્ટર યાર્ન પર પણ બેઝિક કસ્ટમ્સ ડ્યુટી મુક્તિ આપવી જોઈએ. 3 મહિના અથવા ક્રૂડ ઓઇલના ભાવો ઘટીને 65 ડોલર પ્રતિ બેરલ કે તેથી નીચે સ્થિર ન થાય ત્યાં સુધી આ કસ્ટમ્સ ડ્યુટી મુક્તિ લંબાવવામાં આવે તેવી નમ્ર અપીલ કરવામાં આવી છે.

આ રજૂઆતની નકલ કેન્દ્રીય જળશક્તિ મંત્રી શ્રી સી. આર. પાટીલ, ટેક્સટાઇલ સેક્રેટરી (IAS) શ્રીમતી નીલમ શમી રાવ, ટેક્સટાઇલ એડિશનલ સેક્રેટરી (IAS) શ્રીમતી આરતી કુંવર તેમજ પેટ્રોકેમિકલ્સ જોઈન્ટ સેક્રેટરી ડો. જી. વેંકટેશને પણ મોકલવામાં આવી છે.